For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

એક તરફ આસમાને ચડેલા ભાવ અને બીજી તરફ સુરતમાં સોના, ચાંદી અને પ્લેટિનમની સપ્લાય ઓછી

# જ્વેલર્સને ‘પુષ્ય નક્ષત્ર’ ફળ્યું નહીં

**ગયા** વર્ષની સરખામણીમાં સોના, ચાંદીના વેપારનું પ્રમાણ લગભગ 40થી 50 ટકા ઓછું રહ્યું, ભાવવધારો નડ્યો

**કુલ** વોલ્યુમ રૂપિયામાં, 70થી 80 કરોડ ભલે રહ્યું પરંતુ વજનની દ્રષ્ટિએ ગયા વર્ષની તુલનામાં 30થી 40 ટકા ઓછું

**ભાવોની** અનિશ્ચિતતાને પગલે લગ્નસરાની ખરીદી પણ લોકોએ ટાળી



(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ આજે, પુષ્ય નક્ષત્રના દિવસે, સુરતમાં સોના અને ચાંદીનું બજાર સ્થિર રહ્યું. જો કે, ગયા વર્ષની સરખામણીમાં વેપારનું પ્રમાણ લગભગ 40થી 50 ટકા ઓછું હતું. પુરવઠો ઓછો અને માંગ પણ ઓછી હોવાને કારણે આ સ્થિતિ નિર્માણ પામી છે. સોનાની વાત કરીએ તો, દિવાળી પછીના લગ્નો સંબંધિત ખરીદી પણ આ વખતે ઓછી છે, કારણ કે લોકો સોના-ચાંદીના વધતા ભાવ અને પુરવઠામાં ઘટાડાને કારણે રાહ જોવાનું પસંદ કરી રહ્યા છે. ઇન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના પ્રમુખ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, “કિંમતોની અનિશ્ચિતતાને કારણે

...અનુસંધાન પાના 7 પર

**પરંપરા જાળવવા 10 ગ્રામ સોનાનો સિક્કો ખરીદનારા સુરતીઓએ 5-10 ગ્રામ ચાંદી ખરીદી સંતોષ માન્યો**

પુષ્ય નક્ષત્રની ટોકન ખરીદી કરીને શુકન કરવાની પરંપરા સુરતીઓએ જાળવી રાખી છે. જો કે, જે લોકો ચારથી પાંચ ગ્રામ લેતા હતા તેઓ 2 ગ્રામ પર આવી ગયા છે. લોકો 10 ગ્રામનો સોનાનો સિક્કો લેતા હતાં તેઓએ 5થી 10 ગ્રામ ચાંદી ખરીદીને સંતોષ માન્યો હતો. જો કે આજે ચાંદીના સિક્કાઓ મેળવવા સુરતીઓને એક દુકાનથી બીજી દુકાન ભ્રમણ કરવું પડ્યું હતું.

કેન્દ્રિય ગૃહ મંત્રી સાથે પણ બીજી બેઠક પણ યોજાઈ

# ધનતેરસે રાજ્યના મંત્રીમંડળમાં ફેરબદલ-વિસ્તરણની સંભાવના

**ભૂપેન્દ્ર** પટેલ, જગદીશ વિશ્વકર્મા અને રત્નાકરની દિલ્હીમાં પીએમ મોદી સાથેની બેઠક પાંચ કલાક ચાલી

ગાંધીનગરઃ છેલ્લા 24 કલાકની ભાજપ હાઈકમાન્ડ સાથે મહત્વની બેઠકોનો દોર યોજ્યા બાદ હવે સીએમ ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળનું આગામી ધનતેરસે વિસ્તરણ તથા ફેરબદલ થનાર છે. જેમાં 10 નવા ચહેરાઓને સ્થાન મળશે, જયારે નબળું રિપોર્ટ કાર્ડ ધરાવતા મંત્રીઓને પડતાં મૂકવામાં આવનાર છે. ખાસ કરીને ભૌગોલિક સ્થિતિ તથા જ્ઞાતિના

...અનુસંધાન પાના 7 પર

**કયા કયા મંત્રીઓ પડવા મુકાઈ શકે છે ??**

જે મંત્રીઓને પડવા મુકવાની ચર્ચાઓ ચાલી રહી છે તેમાં અન્ન-પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર, પંચાયત મંત્રી બચુ ખાબડ, કૃષિ મંત્રી રાઘવજી પટેલ, પ્રવાસન મંત્રી મૂળુ બેરા, મહિલા, બાળ વિકાસ મંત્રી ભાનુ બાબરિયાનો સમાવેશ થાય છે. જયારે જયેશ રાદડિયા, મહેશ કસવાલા, અલ્પેશ ઠાકોર, જીતુ વાઘાણી, કેયુર રોકડિયા, જીતુ ચૌધરી, સંગીતા પાટીલ, વિનુ મોરડીયા, ઉદય કાનગડ, રીવાબા જાડેજાને સમાવવામાં આવી શકે છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર અને લેઉવા પાટીદાર ફેક્ટરને ખાસ ધ્યાનમાં રાખવામાં આવશે.

...અનુસંધાન પાના 7 પર

**નવા મંત્રીમંડળમાં સોશિયલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરાય તેવી સંભાવના**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાટીદાર છે, જ્યારે નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઓબીસી છે. પરિણામે, ભૂપેન્દ્ર પટેલની નવી ટીમ નવા પ્રકારના સોશિયલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે. મંત્રીમંડળ વિસ્તરણમાં ઘણા આશ્ચર્યજનક ચહેરાઓનો સમાવેશ થઈ શકે છે. મંત્રી મંડળ વિસ્તરમાં સૌરાષ્ટ્ર અને લેઉઆ પાટીદાર ફેક્ટરને બેલેન્સ કરવામાં આવશે.

ભાવનગર મૂળના નીચ દંપતીએ સગી દીકરીનું વર્ષો સુધી શોષણ કર્યું

# વેલંજામાં ‘મોગલ માતાની ભૂઈ’ નકરું તરકટ નીકળ્યું

**3** વર્ષની ઊંમરથી દીકરીને દંપતીએ ધૂણવાનું શીખવાડ્યું અને વિડીયો વાયરલ કરતાં

**12** વર્ષથી દીકરીને મોગલ માતાનો અવતાર બતાવી મનોઈચ્છા પૂર્તિ ફી તરીકે શ્રદ્ધાળુ પાસે દોઢ લાખ સુધી વસૂલતા

**દીકરી** ધૂણવાની ના પાડે તો માતા-પિતા તેને ઢોર માર મારતા

**દીકરીનો આક્રંદ “મારે ભૂઈમાનું કામ કરવું નથી, મારે ભણવું છે”**

વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાની પૂછપરછ દરમિયાન 15 વર્ષની દીકરી આંસુઓ રોકી ન શકી. તેણે રડતાં રડતાં કહ્યું “મારે ભૂઈમાનું કામ કરવું નથી. મા-બાપ પરાણે ધૂણાવડાવે છે. ધૂણું નહીં તો માર મારે છે. માતાજીના કપડાં, ઝાંઝર-કડા, બંગડીઓ બળજબરીથી પહેરાવે છે. મને કશું આવડતું નથી, ફક્ત આરતી વખતે તલવાર રાસ કરાવાય છે. હું કંટાળી ગઈ છું, મારે ભણવું છે, પણ મને ભણતા ઉઠાવી લેવામાં આવી હતી.” આવી આપવીતીથી વિજ્ઞાન જાથાની ટીમ અને પોલીસ પણ ભાવુક બની ગઈ હતી.

**પરિવારે માફીપત્ર લખી આપ્યું “હવે દોરા-ધાગા, બાધા-ટેક કાયમી બંધ”**

વિજ્ઞાન જાથાની ટીમ સમક્ષ 15 વર્ષની દીકરીએ રડતાં રડતાં પોતાની હકિકત બયાન કરતા સ્થળ પર હાજર સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. દીકરીએ જણાવ્યું કે, તેને રાત્રે બે વાગ્યા સુધી બેસાડવામાં આવે છે અને ધૂણવા મજબૂર કરવામાં આવે છે. આ હકિકત સામે આવતા દંપતી વારંવાર વિજ્ઞાન જાથાના સભ્યોના પગે પડી માફી માગતા જોવા મળ્યા. પોલીસ અને વિજ્ઞાન જાથા આખા પરિવારને ઉત્રાણ પોલીસ સ્ટેશન લઇ ગયા, જ્યાં દીકરીને સુરક્ષા અને સહાયનું આશ્વાસન આપવામાં આવ્યું છે. ત્યારબાદ દંપતી અને તેમની મોટી દીકરીએ વિજ્ઞાન જાથા સમક્ષ માફીપત્ર પર સહી કરી લખાણ આપ્યું કે હવે તેઓ દોરા-ધાગા, બાધા-ટેક અને આર્થિક છેતરપિંડી જેવી અંધશ્રદ્ધાવાળી પ્રવૃતિ કાયમી રીતે બંધ કરશે.

સુરતઃ સુરતના વેલંજા ગામમાં અંધશ્રદ્ધાના નામે ચાલી રહેલા એક ભયાનક ગોરખધંધાનો પર્દાફાશ થયો છે. દંપતી પોતાની 15 વર્ષની દીકરીને ‘મોગલ માતાની ભૂઈ’ જાહેર કરી છેલ્લા 12 વર્ષથી શ્રદ્ધાળુઓને છેતરતા હોવાનું બહાર આવ્યું છે. દીકરીને નાની ઉંમરે જ ધૂણવાનું શીખવાડવામાં આવ્યું હતું. તે આ કામ કરવાનું ઇચ્છતી નહોતી. અંતે ભારત જન વિજ્ઞાન જાથા અને ઉત્રાણ પોલીસની સંયુક્ત કાર્યવાહીથી આ અંધશ્રદ્ધા અને છેતરપિંડીનો અંત આવ્યો છે.

સુરતના વેલંજા ગામે એક દંપતીએ ધર્મ અને ભક્તિના નામે લોકોની અંધશ્રદ્ધાનો લાભ લઈ દીકરી મારફતે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હતી. મૂળ અમરેલી-ભાવનગરના વતની આ દંપતીએ ત્રણ વર્ષની ઉંમરથી જ પોતાની પાંચમી દીકરીને ‘મોગલ માતાનો અવતાર’ જાહેર કરી ‘ભૂઈમા’ તરીકે રજૂ કરી હતી. છેલ્લા 12 વર્ષથી દીકરી આરતી વખતે ધૂણતી અને તલવાર રાસ કરીને શ્રદ્ધાળુઓને પ્રભાવિત કરતી હતી. આ દંપતી દર રવિવાર અને મંગળવારે ધાર્મિક પ્રસંગનું આયોજન કરતા અને તેમાં હજારો લોકો ભેગા થતા. ભૂઈમાની આરતી અને ધૂણવાની વિધિના નામે શ્રદ્ધાળુઓ પાસેથી 21 હજારથી દોઢ

...અનુસંધાન પાના 7 પર

# 80 હજાર-એક લાખના પગારદાર માત્ર 2 હજારની લાંચમાં ભેરવાયા

**વાપીમાં** ફૂલ છોડના કુંડાના બિલની ચૂકવણી માટે CGSTના અધિકારીઓએ રૂપિયા 2 હજારની લાંચ માંગી હતી

વલસાડ : વાપી સી.જી.એસ.ટી. એન્ડ સેન્ટ્રલ એક્સાઈઝ કચેરીમાં રૂપિયા 80 હજાર અને રૂપિયા 1.05 લાખના પગારદાર અધિકારીએ ફૂલ છોડના કુંડાના બિલની ચૂકવણી માટે રૂપિયા 2 હજારની લાંચ માંગી હતી. જેના પગલે ફરિયાદીએ આ અંગે એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.)ને ફરિયાદ કરતાં તેમની ટીમે સોમવારે એક છટકું ગોઠવી સિનિયર એકાઉન્ટન્ટ અને આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટને રૂપિયા 2000ની લાંચ લેતાં રંગેહાથ ઝડપ્યા હતા. આ ઘટનાના પગલે સમગ્ર કચેરીમાં ભારે ચર્ચાઓ ચાલી હતી.

એસીબીના સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વાપી સ્થિત સેન્ટ્રલ એક્સાઈઝ(સીજીએસટી)ની કચેરીમાં ફૂલછોડના કુંડાના ઓર્ડર મુજબ કામ પૂરું કરી બિલ રજૂ કર્યું હતું. પરંતુ બિલની રકમ મંજૂર કરવા બદલ કચેરીના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ કપિલ નટવરલાલ જૈન(ઉ.વ.35) અને સિનિયર એકાઉન્ટન્ટ રવિશંકર શ્યામાકાંત ઝા (ઉ.વ.47) એ આ બિલની ચૂકવણી માટે રૂપિયા 2000ની લાંચની માંગણી કરી હતી. ફૂલ છોડના કુંડા મુકનાર કોન્ટ્રાક્ટરે લાંચ આપવી ન હોય તેણે આ સંદર્ભે વલસાડ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના પગલે વલસાડ એસીબીના એસ.એન. ગોહિલે તેમના સ્ટાફ સાથે તેમની કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતું.

આ છટકામાં, કપીલ નટવરલાલ

...અનુસંધાન પાના 7 પર

## દિવાળીનો પ્રકાશ આંખોથી નહીં, દિવડા બનાવીને પણ જોવાય છે



■ દિવાળી એટલે પ્રકાશનો તહેવાર, પણ અહીં તસવીરમાં દેખાતા પ્રજ્ઞાચક્ષુ બાળકો એ રોશનીને જોઈ શકતા નથી. પરંતુ આ બાળકોના હાથે તૈયાર થયેલા દીવડાઓથી દિવાળીની રોશની ઝગમગશે. ઘોડદોડ રોડ પર આવેલી અંધજન શાળામાં પ્રજ્ઞાચક્ષુ બાળકોએ પોતાના હાથે દીવડાઓ બનાવ્યા હતા. ભલે આંખોથી પ્રકાશ દેખાતો નથી પરંતુ તેમના દ્વારા બનેલા દિવડા પ્રકાશ જરૂર ફેલાવે છે. (તસવીરઃ સતીષ જાદવ)

# ધીમા પગલે ઠંડીનું આગમન, સુરતમાં તાપમાન 20 ડિગ્રી

**મહત્તમ** તાપમાન બે ડિગ્રી વધીને 36.4 સુધી પહોંચ્યું જ્યારે લઘુત્તમ ઘટીને 20.6 ડિગ્રી

**દિવાળી** પૂર્વે ધીરે ધીરે ઠંડીનું આગમન શરૂ

સુરતઃ શહેરમાં આજે તાપમાનના બેવડી ઋતુનો અનુભવ થયો હતો. સવારે હળવી ઠંડી અને બપોરે દઝાડતી ગરમી વર્તાઈ હતી. શહેરમાં આજે રાત્રે પારો ગગડ્યો હતો, તો દિવસનો પારો બે ડિગ્રી સુધી વધી ગયો હતો. હવામાન વિભાગના અહેવાલ મુજબ સુરતમાં આજે મહત્તમ તાપમાન બે ડિગ્રીના વધારા સાથે 36.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ઘટીને 20.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ 36 ટકા નોંધાયું હતું અને ઉત્તર દિશામાંથી ચાર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આ પવનની અસરને કારણે સવાર અને સાંજના સમયે હળવી ઠંડીનો અહેસાસ થયો હતો, જ્યારે બપોરના સમયે તાપ અનુભવાયો હતો.

હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે આ સ્થિતિને “બેવડી ઋતુ” તરીકે ઓળખી શકાય, કારણ કે સવાર-સાંજ

...અનુસંધાન પાના 7 પર

# વતન જવા ઉત્તર ભારતીયો બેબાકળા



**દિવાળી**, છઠ પૂજા અને બિહાર ચૂંટણીના માહોલને પગલે ટ્રેનોમાં ભારે ધસારો

**દુઃખદ** ભૂતકાળથી પાઠ શીખી રેલવે, પોલીસ તંત્રએ ડ્રોન કેમેરાની ટેક્નોલોજી સાથે ક્રાઉડ મેનેજમેન્ટ શરૂ કર્યું

સુરતઃ દિવાળી, છઠપૂજા અને આગામી બિહાર વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે સુરતના રેલવે સ્ટેશનો પર ઉત્તર ભારત જવા માટે માનવ મહેરામણ ઉમટવું શરૂ થયું છે. સુરતમાં વસતા લાખો પ્રવાસી ઉત્તર ભારતીયો પોતાના વતન જવા માટે ઉધના અને સુરત રેલવે સ્ટેશનો પર ભેગા થઈ રહ્યા છે. જેના પગલે પ્લેટફોર્મની અંદરથી લઈ બહાર સુધી મુસાફરોની લાંબી કતારો લાગી રહી છે. ભીડને કાબૂમાં રાખવા માટે લિંબાયત પોલીસે આ વખતે ટેક્નોલોજીનો સહારો લીધો છે. શહેરમાં પ્રથમવાર રેલવે સ્ટેશન પર ડ્રોન સર્વેલન્સ દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ શરૂ કરવામાં આવ્યું છે.



ઉધના રેલવે સ્ટેશન પર ભાગલપુર સ્પેશિયલ, તાપ્તી ગંગા સહિતની ટ્રેનોમાં મુસાફરોની સૌથી વધુ ભીડ જોવા મળી રહી છે. અનેક મુસાફરો

...અનુસંધાન પાના 7 પર

# દિવાળીમાં સૌરાષ્ટ્ર જવા માટે STમાં ભારે ધસારો

**વેકેશન** પડતાની સાથે સૌરાષ્ટ્રવાસીઓ વતન તરફ રવાના, મુસાફરોની સુવિધા માટે વધારાની 1600 બસની વ્યવસ્થા

સુરતઃ શાળાઓમાં દિવાળી વેકેશનની શરૂઆત થતાં જ સુરતમાં મુસાફરીનો ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત તરફ જતા મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. સુરત અને ઉધના રેલવે સ્ટેશનો ખાતે દિવાળી તેમજ છઠ્ઠપૂજા માટે પોતાના વતન જતા મુસાફરોની ભીડ જોવા મળી હતી. તે જ પ્રમાણે મંગળવારે મોડી સાંજથી સૌરાષ્ટ્રવાસીઓએ પોતાના વતનની વાટ પકડી છે, જેના કારણે એસટી બસોમાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે. આ ભીડને પહોંચી વળવા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી) દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. એસટી વિભાગે આ માટે 1600 નવી બસો વિવિધ રૂટ પર દોડાવવાની જાહેરાત કરી છે. ઉપરાંત અત્યાર સુધીમાં 212 બસોનું ગ્રુપ બુકિંગ થઈ ચૂક્યું છે, જે સોસાયટીઓની બહારથી ઉપડશે. એસટી વિભાગના નિયામક પી.વી.ગુજરે જણાવ્યું હતું કે, ગ્રુપ બુકિંગમાં સૌથી વધુ માંગ વરાછા સહિતના વિસ્તારોમાંથી આવી રહી છે. અમરેલી, મહુવા, ગારિયાધાર, ઝાલોદ અને દાહોદ જેવા રૂટ પર જતા મુસાફરો ગ્રુપ બુકિંગને પ્રાધાન્ય આપી રહ્યા છે. ઉપરાંત મુસાફરોની સુવિધા માટે એસટી વિભાગ દ્વારા મુખ્ય બસ ડેપો પર નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જેથી મુસાફરોને સરળ અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળી શકે. આ વેકેશન દરમિયાન એસટી વિભાગની આ ખાસ વ્યવસ્થાઓથી મુસાફરોને ઘરે પહોંચવામાં સરળતા રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમજ જેમ જરૂરત ઊભી થાય તેમ વધુ બસો દોડાવવા માટે વિભાગ તરફથી આયોજન પણ કરવામાં આવ્યું છે.

**અનાવિલ અવસાન**



સ્વ.ભાનુમતિ રમેશચંદ્ર દેસાઈ
સ્વ. તા. ૧૪/૧૦/૨૦૨૫
ઉંમર વર્ષ : ૮૦

દિલગીરી સહ જણાવવાનું કે મારા માતૃશ્રી ભાનુમતિ રમેશચંદ્ર દેસાઈનું તા. ૧૪/૧૦/૨૦૨૫ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુક્ત બેસણું તા.૧૬/૧૦/૨૦૨૫ ગુરુવારના રોજ 3 થી ૫ ના સમય દરમ્યાન રાખેલ છે.

: બેસણાનું સ્થળ :
BPAH પાંજરાપોળ હોલ, ઘોડદોડ રોડ, સુરત

સ્વ. સુકેતુ રમેશચંદ્ર દેસાઈ (પુત્ર)
શિલ્પા સુકેતુ દેસાઈ (પુત્રવધુ)
ઋષિ સુકેતુ દેસાઈ (પૌત્ર)
હિરેન રમેશચંદ્ર દેસાઈ (પુત્ર)
નેહા હિરેન દેસાઈ (પુત્રવધુ)
હર્ષ હિરેન દેસાઈ (પૌત્ર)

પિયર પક્ષ
દિનકરરાય મગનભાઈ દેસાઈ (ભાઈ)
રોહિતભાઈ મગનભાઈ દેસાઈ (ભાઈ)
ભરતભાઈ મગનભાઈ દેસાઈ (ભાઈ)

નોંધ : પોત પડીકા રિવાજ બંધ છે

**દુઃખદ અવસાન - બેસણું**




સ્વ. મીનાબેન રાજેષકુમાર તંબોલી
સ્વ.તા. ૧૪.૧૦.૨૦૨૫

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, અમારા માતૃશ્રી મીનાબેન રાજેષકુમાર તંબોલીનું દુઃખદ અવસાન તા. ૧૪.૧૦.૨૦૨૫ મંગળવાર ના રોજ થયેલ છે.

સદ્ગતનું બેસણું ગુરૂવાર તા. ૧૬.૧૦.૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન ભરતીયા પોલિટેકનિક ઈન એનિમલ હસબન્ડરી, ભરતીયા વિદ્યાસંકુલ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.

લિ.
સ્વ. રાજેષકુમાર દ્વારકાદાસ તંબોલી
ઉષ્મા વિરેન્દ્ર દેસાઈ - સ્વ. વિરેન્દ્ર દેસાઈ
કોમલ આનંદ સંચોરાવાલા - આનંદ સંચોરાવાલા
હેમ ટીનીશ મોદી - ટીનીશ મોદી
સ્પર્શ, અંશ, અનુલિ, આશલ

**ભાવભીની શ્રધ્ધાંજલિ**



સ્વ.રમણલાલ સુખાભાઈ પટેલ, બારડોલી (ખરવાસા) સ્વ. તા. ૧૦-૧૦-૨૦૨૫


બારડોલી શુગર ફેકટરીમાં દીર્ઘકાલીન સમય સુધી પ્રમુખ તરીકે સેવા આપી સંસ્થાને ઉચ્ચ શિખરે લઇ જનાર રમણલાલ પટેલ

અમારા બધા પ્રત્યે પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર આપને અમો નતઃ મસ્તકે હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલી અર્પણ કરીએ છીએ.

પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ અર્પે....

લિ.
કશ્યપભાઈ જગદીશચંદ્ર પટેલ - પ્રમુખ | વિપુલભાઈ જયંતિભાઈ પટેલ - ઉપપ્રમુખ
ઈશ્વરભાઈ ભુલાભાઈ પટેલ - સેક્રેટરી | ભૂપેન્દ્રસિંહ તખ્તસિંહ સોલંકી - મેનેજર
તથા બોર્ડનાં તમામ સદસ્યો, કંટ્રોલ કમિટીનાં સદસ્યો, સભાસદો,
કર્મચારીઓ સહ સમગ્ર બાબેન જીન પરિવાર
શ્રી ખેડૂત સહકારી જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી લી. બાબેન

**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. કિરીટલાલ બળવંતરામ ખરવર
સ્વ. આસો વદ નોમને
તા. :૧૧-૧૦-૨૦૨૦

પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી,
ધર્મ કદી ભૂલ્યા નહી,
વ્યવહાર કદી ચૂકયા નહી,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને
પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

લિ.
સ્વ. કોકિલાબેન કિરીટલાલ ખરવર
ભૂપેન્દ્ર કિરીટલાલ ખરવર | પ્રતિમા ભૂપેન્દ્ર ખરવર
ચેતન કિરીટલાલ ખરવર | વીમી ચેતન ખરવર
કલ્પેશ કિરીટલાલ ખરવર | દિપાલી કલ્પેશ ખરવર
સ્નેહીલ ભૂપેન્દ્ર ખરવર | નિકિતા સ્નેહીલ ખરવર
પ્રેમલ ભૂપેન્દ્ર ખરવર | હેત્વી પ્રેમલ ખરવર
વત્સલ ચેતન ખરવર | પૂજા વત્સલ ખરવર
જિનિલ કલ્પેશ ખરવર | ધ્રુવિલ કલ્પેશ ખરવર
ક્રિયાંશ - વેદાંશ - હર્ષિવ (પ્રપૌત્ર), આશ્વી (પ્રપૌત્રી)
અંકુરકુમાર કુંદનભાઈ જરીવાલા(જમાઈ) ખ્યાતિ અંકુરકુમાર જરીવાલા(પૌત્રી)
ચિંતનકુમાર રાકેશભાઈ દિવેટીયા(જમાઈ) નિષ્ઠા ચિંતનકુમાર દિવેટીયા(પૌત્રી)
જૈનિલ - યુગ - દિવિશા (દોહીત્ર)
પ્રાર્થના સહ... સી. ગોપાલ પરિવાર

**કચ્છ કડવા પાટીદાર અવસાન - બેસણું**



સ્વ. ગીતાબેન હરજીભાઈ પટેલ (માંકાણી)
સ્વ. તા. ૧૧.૧૦.૨૦૨૫

દિલગીરી સાથે જણાવવાનું કે, મારા ધર્મપત્ની ગીતાબેન હરજીભાઈ માંકાણીનું શનિવાર તા. ૧૧.૧૦.૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૧૫.૧૦.૨૦૨૫ને બુધવારનાં રોજ સાંજે ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.

: બેસણાનું સ્થળ :
ભરતીઆ વિદ્યાસંકુલ હોલ, સુરત પાંજરાપોળ, BSNL ઓફિસની સામે, ઘોડદોડ રોડ, સુરત.

લિ.
હરજીભાઈ (હરિભાઈ) પ્રેમજીભાઈ માંકાણી (પતિ)
રોમિતભાઈ હરજીભાઈ માંકાણી (પુત્ર)
હિત રોમિતભાઈ માંકાણી (પૌત્ર)
તથા સમસ્ત માંકાણી પરિવાર
ફર્મ : "Kaashtha" - પ્રગતિ ટીમ્બર, ‘‘તનિશ્ક’’ જ્વેલર્સ, Pragati TATA